**રે.મુ.નં–૩૬/૧૯**

## //આંક–પની કામચલાઉ મનાઈ હુકમની અરજીને લગત હુકમ//

**(૧)** વાદીની મનાઈ અરજીની હકીકત એવી છે કે, વાદીએ પોતાની મનાઈઅરજીનાં પેરા નં. ૧ માં જણાવેલ જમીન પેરા નં. ૩ માં જણાવ્યા અનુસાર ભાગલા પડી ગયેલ હોય અને વાદી પ્રતિવાદી પોત પોતાનાં હિસ્સે આવેલ જમીન ખેડીને ઉપજ લેતાં હોવાનું જણાવેલ છે. પરંતુ તા. ૧૫/૭/૨૦૧૯ નાં રોજ પ્રતિવાદી નં. ૧ તથા પ્રતિવાદી નં. ૩/૨ નાઓએ ખેતી ન કરવા દેવા માટે જમીનમાં પ્રવેશ કરી ગાળો આપી વાદીનાં લાગભાગનો ઈન્કાર કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં હાલનો દાવો કરવાનું કારણ ઉભું થયેલ છે. વધુમાં વાદીએ એવી રજુઆત કરેલી છે કે તેમની સંમતિ વગર પ્રતિવાદી નં. ૩/૨ નાં સ્વ. પિતા બચુભાઈ લાલજીભાઈ તડવીનાઓ નાણાંનાં બદલામાં પ્રતિવાદી નં. ૬ નાને તેમનો ભાગ હસ્તાંતરીત કરી દીધેલો છે. આથી વાદીએ સરસનરસનો ભાગ માટેનો અને દાવાવાળી જમીનો પૈકી અમુક જમીનમાં અગાઉ જે ભાગ પડેલ છે તે પ્રકારે કબજો સોંપવાનો અને પ્રતિવાદી નં. ૬ નાને તરફેણમાં ખોટી રીતે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩(એ)(એ) થી પ્રતિબંધીત જગ્યા હસ્તાંતર કરવા બાબતનો જે લેખ થયેલો છે તે લેખ રદબાતલ ઠરાવવાની માંગણી કરેલી છે તથા આ દાવો ચાલતાં દરમિયાન આ કામનાં પ્રતિવાદીઓ મૌખિક વહેંચાણથી વાદીનાં ભાગે આવેલી જમીનમાં હેલો અંતરાય કરે નહિ તે બાબતનાં કામચલાઉ મનાઈહુકમની માંગણી કરેલી છે.

વાદીએ પોતાનાં દાવાનાં સમર્થનમાં આંક–૩ થી દાવાવાળી જમીનોનાં રેવન્યુ રેકર્ડ તથા હકકપત્રકની નોંધ રજુ કરેલ છે.

**(૨)** આ કામે આંક–૯ થી પ્રતિવાદીઓએ દાવાનો તથા મનાઈહુકમનો જવાબ આપેલો છે જેમાં તેઓએ રજુઆત કરેલી છે કે, વાદી પોતાનાં દાવામાં ખોટી રજુઆત કરેલી છે અને વાદીએ પોતાનાં ભાગની જમીન પ્રતિવાદી નં. ૬ પાસે ગીરવો મુકેલ છે અને તે બાબતે નોટરી રૂબરૂ તે અંગેનું લખાણ પણ થયેલું છે અને વાદી પોતે જ દાવાવાળી જમીનનો ભાગ પડી ગયેલાની હકીકત જણાવતાં હોય ત્યારે તે જમીનનો ફરીથી ભાગ પડી શકે નહિ તથા વાદીએ નોટરી રૂબરૂ પ્રતિવાદી નં. ૬ નાં લાભમાં ગીરોખત કરી આપેલ હોય તેવા સંજોગોમાં વાદી પૈસા ચુકવે નહિ ત્યાં સુધી

આવો ગીરોખત પણ રદ થઈ શકે નહિ. આથી તેમણે વાદીનો દાવો રદ કરવા માટે રજુઆત કરેલી છે. તેમણે પોતાનાં જવાબનાં સમર્થનમાં નિશાની–૧૦/૧ થી ગીરોખત રજુ કરેલ છે.

**(૩)** આ કામે બંને પક્ષકારોના વિ.વશ્રીઓએ મનાઈ અરજીના સમર્થનમાં પોતાનાં પક્ષ નિવેદનનાં અનુસંધાનમાં વાદીએ લેખીત દલીલો અને પ્રતિવાદીએ મૌખિક દલીલ કરેલ છે. મનાઈ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવેલ છે.

## <u>મુદ્દા</u>

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના તરફેણમાં છે?

(૩) શું વાદી માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંની ભરપાઈ થઈ શકે તેમ છે?

(૪) શું હુકમ?

**(૪)** રેકર્ડ ધ્યાને લેતા તેમજ દલીલો સાંભળી મારા ઉપર મુજબના મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ,

## <u>કારણો</u>

**<u>મુદ્દા નં.૧ થી ૩</u>**

એ સર્વ સામાન્ય સિધ્ધાંત છે જે કામ ચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ દાવામાં ગંભીર પ્રકારના પ્રશ્નો સંકળાયેલા છે અને

જે દાદ માંગેલ છે તે સંબંધ પરત્વેની છે અને તેમાં કોર્ટની દખલ અંદાજી અત્યંત જરૂરી છે. જો તેમ ન કરવામાં આવે તો વાદીને તેનો હકક પ્રસ્થાપિત થાય તે પહેલા નાણાંમા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની સંભાવના છે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકશાન જાય તેમ છે.

જો વાદીને મનાઈ હુકમ આપવામાં ન આવે તો યોગ્ય અને વ્યાજબી નિર્ણય કરવામાં બાધ આવે અને તેનાથી અન્ય પક્ષકારોને કોઈ અગવડતા પડવાની ન હોય તો ન્યાયના હીતમાં મનાઈ હુકમ આપવો જોઈએ. આ હકીકતો પુરાવાનો બોજો વાદી પર લાદવામાં આવેલ છે અને વાદીએ સોગંદનામાંથી અથવા બીજી રીતે સિધ્ધ કરવાનુ છે કે પ્રથમ દર્શનીય કેસ તેમની તરફેણમાં છે. એ હકીકત સ્વીકાર્ય છે કે પ્રથમ દર્શનીય હકકની સાથે પ્રથમ દર્શનીય કેસની ગુંચવણ કરવાની નથી. પ્રથમ દર્શનીય હકક કે જે કેસના અંતે પ્રસ્થાપિત થાય છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાની વાદી આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ સંતોષકારક રીતે સિધ્ધ કરવાનુ રહે છે કે કોર્ટની બીનદખલ અંદાજીના પરીણામે વાદીને નાણામાં ન ચુકવી શકાય તેવુ નુકશાન જવાની પુરેપુરી સંભાવના છે. આ હકીકતથી અદાલતે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોની અંતરાય કરવી આ બહુ જ ગંભીર બાબત છે. અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કરવાનો રહે છે. કામ ચલાઉ મનાઈ હુકમની દાદ આપતી વખતે એ પણ જોવાનુ રહે છે કે, દાદ આખરી દાવાના દાદના સ્વરૂપની ન હોવી જોઈએ. કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય. અથવા ન પણ આપી શકાય. જયારે પક્ષકારો પોતે પોતના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ન હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહીં. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીય કરવાનો છે.

આ કામે મુદ્દા નં.૧ થી ૩ ના મુદ્દાઓના કારણોની ચર્ચા દરમ્યાન હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના શુભ આશયથી મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે.

આ કામે વાદીએ મુખ્યત્વે તેવી રજુઆત કરેલી છે કે દાવાવાળી જમીનનાં અલગ હકક હિસ્સો પડી ગયેલ છે અને તે પ્રકારે તેમનાં હિસ્સામાં તેઓ ખેતી કરીને ઉપજ મેળવે છે પરંતુ

પ્રતિવાદી નં. ૩/૨ નાં સ્વ. પિતાનાઓએ વાદીની સંમતિ વગર દાવાવાળી મીલકત પ્રતિવાદી નં. ૬ ને હસ્તાંતરીત કરી નાંખેલી છે જે હસ્તાતંરનો લેખ દાવાવાળી જમીન ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩(એ)(એ) વંચાણે લેતાં ગેરકાયદેસરની હોય તે રદબાતલ ઠરાવવાની અને અગાઉ થયેલ વહેંચાણ પ્રમાણે મીલકતનો કબજો આપવાની અને વણવહેંચાયેલ મીલકત બાબતે સરસનરસનાં ભાગ માંગવાની માંગણી કરેલી છે જયારે પ્રતિવાદીએ પણ ભાગ પડી ગયેલ હોવાની રજુઆત કરેલી છે પરંતુ તેઓ જણાવે છે કે, વાદીએ તેમનો ભાગની મીલકત પ્રતિવાદી નં. ૬ નાઓને ગીરોખતથી આપી દીધેલી છે આથી વાદી માંગે છે તેવો નવેસરથી ભાગ પડી શકે નહિ અને મીલકતનો પહેલેથી ભાગ પડી ગયેલ હોય અને તે પ્રકારે ખેતી કરતાં હોવાનાં કારણે વાદીનો દાવો મંજુર થઈ શકે નહિ અને દાવાવાળી મીલકતનાં ફરીથી સરસ નરસનાં ભાગ પણ પડી શકે નહિ. આ ઉપરાંત વાદીએ ગીરોખતથી તેમની મીલકત પણ પ્રતિવાદીને સોંપી દીધેલી હોય તે મીલકત પરત્વે મનાઈહુકમ પણ મળી શકે નહિ. આથી તેમને દાવા અરજી અને મનાઈઅરજી નામંજુર કરવા માટે રજુઆત કરેલી છે.

બંને પક્ષકારોની દલીલો સાંભળતાં અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં બંને પક્ષકારો ધ્વારા દાવાવાળી મીલકતનો વહેંચાણ થયેલાની હકીકત જણાવે છે પરંતુ આ મીલકતનાં રેવન્યુ રેકર્ડ જોતાં હાલમાં પણ બધા જ પક્ષકારોનાં નામ હોવાનું જણાઈ આવે છે. આ ઉપરાંત આ આખી મીલકત પૈકી કઈ દિશાનાં કયા ભાગમાં કોણ ખેતી કરે છે અને કોનો ભાગ આવેલો છે તેવી કોઈ હકીકત બંને પક્ષકારો ધ્વારા રજુ થયેલ નથી. આથી વાદીનાં ભાગે કંઈ જમીન આવેલી છે તે હકીકત નકકી થઈ શકતી નથી. આ ઉપરાંત પ્રત્વિાદી ધ્વારા જે ગીરોખતની હકીકત દર્શાવેલી છે તે ગીરોખતમાં વાદીએ પણ સહી કરેલ હોવાનું જણાઈ આવે છે. જેમાં તેમણે તેમનાં હિસ્સાની જમીનનો કબજો પ્રતિવાદી નં. ૬ નાને સોંપેલ હોવાની હકીકત પણ જણાઈ આવે છે. પરંતુ આ તબકકે આ ગીરોખતની કાયદેસરતા નકકી કરી શકાય તેમ નથી. આ કામે વાદી ધ્વારા હાલમાં પણ તે જમીનનાં કબજામાં હોવાની રજુઆત કરેલી છે પરંતુ તે ચોકકસ કયા ભાગનાં કબજામાં છે તે ઉપરોકત ચર્ચા અનુસાર નકકી થઈ શકતું નથી. વધુમાં વાદી ધ્વારા કહેવાતો દાવાનું કારણ ઉપસ્થિત થયેલાની રજુઆત કરેલી છે. પરંતુ તે બાબતે તેમણે કોઈ પોલીસ ફરીયાદ કે અન્ય કોઈ કાર્યવાહી કરેલી હોય તેવું જણાઈ આવતું નથી. આમ, સહમાલિકોનાં સંદર્ભમાં સહમાલિક વિરુધ્ધમાં મનાઈહુકમ આપી શકાય નહિ અને વાદીએ તેવો કયાં ભાગનાં કબજામાં છે તે હકીકત સ

પષ્ટપણે પુરવાર કરેલી ન હોય અને તેમની સંમતી વગર મીલકતનું હસ્તાંતર થયેલ હોવાની રજુઆત કરેલી છે પરંતુ પ્રતિવાદી તરફે રજુ થયેલ લેખ અનુસાર ગીરોખત થયેલો હોવાનું જણાય છે જેમાં વાદીની સહી પણ હોવાનું જણાય છે. જે હકીકત વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલી નથી. આથી પણ વાદી ચોખ્ખા હાથે આવેલાં હોવાનું માની શકાય નહિ. આમ, ઉપરોકત ચર્ચા અનુસાર વાદીનાં ભાગે કંઈ જમીન આવેલી છે અને મીલકત પૈકી કંઈ દિશાનાં કેટલા ભાગનાં કબજામાં છે તે અંગેનાં સ્પષ્ટ પક્ષનિવેદનનાં અભાવે વાદીને દાવો ચાલતાં સુધીનો મનાઈહુકમ આપી શકાય તેવું જણાતું નથી.

આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ હાલના તબકકે વાદીનો દાવો ચાલતાં દરમિયાનનો કામચલાઉ મનાઈહુકમ માટેનો પ્રથમ દર્શનીય કેસ જણાતો ન હોય બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કોઈ રીતે વાદીના લાભમાં નથી અને જો સમન્યાયી પ્રકારની દાદ વાદીને આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ નથી તેવુ હું માનું છું. જેથી **મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકાર**માં આપી નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**:હુકમ:**

વાદીની આંક–૫ ની મનાઈ હુકમના દાદની માંગણી કરતી અરજી **"નામંજુર"** કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ રોજ તારીખ ૨૦ મી, ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૨૦/૧૨/૨૦૨૧**
**સ્થળ: ગરૂડેશ્વર**

**(જુગલ જીતેન્દ્રકુમાર દવે)**
**પ્રિન્સીપલ સીવીલ જજ**
**ગરૂડેશ્વર, જિ.નર્મદા**
**(જી.જે.૦૧૫૩૨)**